**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦   ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૭/03/૨૦૧૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>**  **<u>સમાચાર યાદી નં.૫૪૧/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૦૮ લીટર દેશી દારૂ, ૪૩ બોટલ ઇગ્લીશ દારૂ, ૬૦ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૬૨ બિયરટીન અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૨૬૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>**  **<u>સમાચાર યાદી નં.૫૪૨/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિની અટકાયત કરી હતી.

**<u>ખુનની ફરીયાદ :-</u>**  **<u>સમાચાર યાદી નં.૫૪૩/૧૫</u>**

**વટવા :** સિન્ડ્રેલાબહેન રૂપેશભાઇ દેસાઇ (રહે.ઇન્દિરાનગર, કોઝી હોટલ સામે, નારોલ, રાણીપુર, વટવા) એ તા.૧૬/૩/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૩/૧૫ રાતનાં ૧૦/૩૦ વાગ્યાના સુમારે પુષ્પમાલા સોસાયટી, પિયુશભાઇના મકાન આગળ પોતાના પિતા વિજયભાઇ બચુભાઇ પટેલ (ઉ.વ.૪૫) સાથે આરોપી સતીષભાઇ બાબુભાઇ પરમાર (રહે.પુષ્પમાલા સોસાયટી, વિભાગ-૧, પારસનગર સામે, વટવા) એ સિગારેટ માંગવા બાબતે ઝઘડો કરી, વિજયભાઇનાં માથામાં લાકડાના હાથાથી ફટકા મારી તેમજ ગરદનનાં ભાગે ગંભીર ઇજાઓ પહોંચાડતાં સારવાર અર્થે તેમને વી.એસ..હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૩/૧૫ સવારનાં ૮/૧૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એચ.સરવૈયા ચલાવે છે.

આ અંગે વટવા પોલીસ સ્ટેશનમાં તા.૧૩/૩/૧૫ બપોરનાં ૨/૧૫ વાગે અકસ્માત મોત નંબર ૩૦/૧૫ થી દાખલ થયેલ છે. જેની તપાસ હે.કો. ઇન્તેખાબઆલમ મુખ્તારહસન ચલાવતાં હતા. જે અકસ્માતમોતની તપાસમાં લાશનો પી.એમ.રીપોર્ટ આવતાં, તા.૧૬/૩/૧૫ નારોજ ઇપીકો ૩૦૨,૨૯૪(ખ), જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે.

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૫૪૪/૧૫</u>**

**નરોડા :** કનુભાઇ માધવલાલ પટેલ (રહે.ન્યુ પેરેડાઇઝ સોસાયટી, આઇ.ટી.આઇ. રોડ, કુબેરનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૬/૩/૧૫ નાં કલાક ૧/૦૦ થી ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના નરોડા ગામ, નારાયણનગર સોસાયટી ના નાકે આવેલ પહેરામણી સાડીના શોરૂમના ધાબાના ભાગે આવેલ લોખંડના દરવાજાના તાળા તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી અલગ-અલગ સાડીઓ નંગ-૧૧૦ કિંમત રૂપિયા ૨,૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫,૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭,૪૦,૦૦૦/- મતા ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.પી.પીરોજીયા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :</u>** **<u>સમાચાર યાદી નં.૫૪૫/૧૫</u>**

**વસ્ત્રાપુર :** લક્ષ્મણસીંહ કેશરીસીંહ ચૌહાણ (રહે,આનંદવીહાર રો હાઉસ, ભરવાડવાસ, આબાદનગર બોપલ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૩/૧૫ નાં કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે સાઈબાબામંદીર ચાર રસ્તા પાસેથી પોતાના બનેવી હુકમસીંહ હીરાસીંહ રાજપુત (ઉ.વ.૫૦) નાઓ પોતાનુ TVS લ્યુના નંબર જીજે.૨૭.એસ.૭૨૮૪ લઈને પસાર થઇ રહ્યા હતા દરમ્યાન કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી, લ્યુના સાથે અથડાવી હુકમસીંહને નીચે પાડી દેતાં હુકમસીંહને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરેલ, જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૩/૧૫ રાતનાં ૯/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એફ.ચાવડા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૪૬/૧૫</u>**

**ચાંદખેડા :** શાંતીલાલ કચરાભાઇ પરમાર (ઉ.વ.૬૫)(રહે.ગજાનંદ સોસાયટી, શાહીબાગ) એ મિલ્કત બાબતે ચાલતાં ઝઘડાથી કંટાળી જઇ પોતાના ભાઇના ચાંદખેડા કેશવકુંજ સોસાયટી ખાતેનાં ઘરે પોતાની જાતે પોતાના શરીરે પેટ્રોલ છાંટી આગ ચાપી દેતાં, શરીરે ગંભીર રીતે દાઝી જતાં સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૩/૧૫ બપોરનાં ૪/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઇ ગણપતભાઇ ચલાવે છે.

**એલીસબ્રીજ :** તા.૧૬/૩/૧૫ નાં કલાક ૮/૨૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે લક્કડીયા બ્રીજ નીચે સાબરમતી નદીમાંથી પાણીમાં ડુબી જવાથી મૃત્યુ પામેલ અજાણ્યો પુરૂષ (૩૫ થી ૪૦ વર્ષના આશરા) ની લાશ એલીસબ્રીજ પોલીસ ને મળતાં એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ..શ્રી ફતેસિંહ રૂપાભાઇ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.